P G V C L

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ

પાવર હાઉસ કમ્પાઉન્ડલ જી કે જનરલ હોસ્પિટલલ સામેલભુજ

ફોન: ૦૨૮૩૨-૨૪૩૫૫૦ ફેક્ષ:૦૨૮૩૨-૨૫૦૦૪૮

E-Mail- forumbhuj.pgvcl@gebmail.com

નં:કેસી/સીજીઆરએફ/૨૦૨૧ / 81 | તારીખ: 24 SEP 2021

રજી. એ. ડી. દ્વારા

પ્રતિશ્રી,

બીન્દાલ ટીમ્બર કંપની વતી,

અનિરુદ્ધસિંહ રાઠોડ, ગામ: ચુડવા,

તા.ગાંધીધામ-કચ્છ,

મોબાઇલ નંબર:- ૯૮૭૯૫ ૫૦૦૭૮

વિષય :- કેસ નંબર પીજી ૦૧/૦૦૧/૨૦૨૧-૨૨

સંદર્ભ :- આપની અરજી નોંધણી નં. પીજી ૦૧/૦૦૧/૨૦૨૧-૨૨

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારું.

(એસ એન વહોનીયા)

કન્વીનર

ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભૂજ.

બિડાણ-ઉપર મુજબ

(૧) અધિક્ષક ઈજનેર, પીજીવીસીએલ, વર્તુળ કચેરી, અંજાર

(૨) કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ગાંધીધામ

(૩) નાયબ ઈજનેર, પીજીવીસીએલ, પેટાવિભાગીય કચેરી, રામબાગ

........ ચુકાદાની નકલ સામેલ છે.ગુજરાત વિધુત નિયંત્રણ આયોગ(ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક ૨/૨૦૧૧ ની વિનિયમ નં ૨.૫૦ ફોરમે પસાર કરેલ આદેશ પરવાનેદાર અને ફરીયાદીને બંધનકર્તા રહેશે.તેમજ વિનિયમ નં ૨.૫૧ અનુંસાર સદર આદેશનું પાલન આદેશ મળ્યાના ૨૧ દિવસ ની અંદર કરવાનું રહેશે. જે અંગે વિનિયમ નં ૨.૫૨ અનુંસાર ફોરમ અને ફરીયાદીને પાલનની તારીખથી ૭(સાત) દિવસ અંદર ફોરમના આદેશ અંગે પાલન અહેવાલ રજુ કરવો. ફોરમના આદેશનું પાલન ન કરવાની બાબતે વિનિયમોના ભંગ ગણવામાં આવશે અને યોગ્ય ઉપાયાત્મક પગલાં માટે જવાબદાર બનશે જેની નોંધ લેશો.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ–કચ્છ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ
પાવર હાઉસ કમ્પાઉન્ડ,જી.કે.જનરલ હોસ્પીટલ સામે, ભુજ – કચ્છ.
ફોન નં.(૦૨૮૩૨) ૨૫૩૫૫૦ ફેક્સ નં.(૦૨૮૩૨) ૨૫૦૦૪૮
ઈમેલ : forumbhuj.pgvcl@gebmail.com

---

નં.કેસી/સીજીઆરએફ/૨૦૨૧ તા. / /૨૦૨

૨૦૦૩ ના ભારતીય વિજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિમયો ૨૦૧૧ જાહેરનામાં નં.૨/૨૦૧૯ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી.ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG-01-001-2021-22

**શ્રી બિન્દાલ ટીમ્બર માર્ટ**
ગામ: ચુડવા, તા.ગાંધીધામ – કચ્છ. ………….**અરજદાર.**
**વિરુધ્ધ.**
**કાર્યપાલક ઈજનેરશ્રી**
પીજીવીસીએલ વિભાગીય કચેરી,
ગાંધીધામ – કચ્છ. ………..**સામાવાળા.**

**બાબતઃ–** સેવામાં ખામી અંગે….

**અરજદાર તરફે તેમના પ્રતિનિધી** :– શ્રી અનિરૂધ્ધસિંહ રાઠોડ
**સામાવાળાના તરફે** :– શ્રી એચ.આર.ખાડોદરા
કાર્યપાલક ઈજનેરશ્રી, ગાંધીધામ

**કોરમ : (૧) શ્રી સી.વી.ઠાકર – ચેરપર્સન**
**(૨) શ્રી આર.જી.કુંપાવત – સ્વતંત્ર મેમ્બર**

**સુનાવણી સ્થળ:** કોન્ફરન્સ હોલ,પીવીસીએલ, વતૃળ કચેરી,ભુજ
તા:૦૯/૦૭/૨૦૨૧

# ઠરાવ

૧. આ કામના અરજદારની અરજીની હકીકત એવી છે કે, અરજદાર અનિરૂધ્ધીસંહ રાઠોડના અગાઉના ભાડુઆત શ્રી બિન્દાલ ટીમ્બર કંપનીના નામે સામાવાળા પીજીવીસીએલ.કચેરીનું વીજ જોડાણ ગ્રાહક નં. ૬૧૮૦૭/૧૦૬૬૫/૯ નું ૬૫ કે.વી.નું ધરાવે છે અને જે અંગે રેન્ટ એગ્રીમેન્ટ મુજબ કનેકશન લીધેલ જે ભાડા કરાર રદ થતા સદર કનેકશન અરજદારે પરત લીધેલ.અરજદારના કથન મુજબ ત્યારબાદ તા.૧૭–૭–૨૦૧૯ ના શ્રી ભાર્ગવ ટ્રાન્સપોર્ટને ત્રણ વર્ષ માટે સદર જગ્યા ભાડા પેટે આપેલ અને સદર વિજ જોડાણનો તે રીતે ઉપયોગ થતો હતો પરંતુ સદર વિજ કનેકશનમાં નામ ફેર કરવાનું અરજદારની અજ્ઞાનતાના કારણે રહી જવા પામેલ.અરજદારના કથન મુજબ સદર વિજ કનેકશનના મીટર બોક્ષમાં ખિસકોલીએ માળો કરેલ હોવાની મૌખીક રજુઆત તા.૧૪–૧૦–૨૦૨૦ ના સામાવાળાની રામબાગ પેટા વિભાગમાં જાણ કરતા જે અંગે તપાસ માટે સામાવાળાના કર્મચારી/અધિકારી તા.૧૫–૧૦–૨૦૨૦ ના આવેલ અને ચેકીગ શીટ મુજબની કામગીરી કરેલ અને સદર તૈયાર કરેલ ચેકીગ શીટ મુજબ સદર મીટર ૮૯.૧૯ % ધીમું ફરતું હોવાનું જણાવી રૂા ૪,૪૩,૩૦૬.૦૪ પૈસાનું બીલ આપવામાં આવતા સદર બીલ લોડ મુજબ રાહત આપવા સદર ફરીયાદ મારફતે દાદ માંગવામાં આવેલ છે.

૨. આ કામના સામાવાળા પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી. કચેરી તરફેની રજુઆત એવી છે કે આ કામના અરજદાર અનિરૂધ્ધીસંહ રાઠોડના અગાઉના ભાડુઆત શ્રી બિન્દાલ ટીમ્બર કંપનીના નામે સામાવાળા પીજીવીસીએલ.કચેરીનું વીજ જોડાણ ગ્રાહક નં. ૬૧૮૦૭/૧૦૬૬૫/૯ નું ૬૫ કે.વી.નું ધરાવે છે અને સદર વિજ કનેકશન અન્વયે લગાવવામાં આવેલ મીટર બોક્ષમાં ખિસકોલીએ માળો કરેલ હોવાની અરજદાર તરફથી મૌખીકમાં તા.૧૪–૧૦–૨૦૨૦ ના રોજ જાણ કરવામાં આવતા સામાવાળા રામબાગ પેટા ભિાગના અધિકારી/કર્મચારી તા.૧૫–૧૦–૨૦૨૦ ના રોજ અરજદારના સ્થાનીકે લાગેલ વિજ કનેકશનના મીટરના ચેકીગ અર્થે સ્થળ પર ગયેલ અને સ્થળ પર સદર વિજ કનેકશન અન્વયે લગાડવામાં આવેલ જુનું મીટર દુર કરી નવું વિજ મીટર લગાડવામાં આવેલ અને જુના મીટર અન્વયે ચેકીગ શીટ નં.૮૩૯૬ વાળી તા.૧૫–૧૦–૨૦૨૦ ના રોજ તૈયાર કરેલ અને જુના મીટરને ચકાસણી અર્થે લેબમાં મોકલવામાં આવેલ અને લેબના તા.૫–૧–૨૦૨૧ ના રીપોર્ટ મુજબ સદર મીટર ૮૯.૧૯ % ધીમું માલુમ પડતા અરજદાર/ગ્રાહકને રૂા ૪,૪૩,૩૦૬. ૦૪ પૈસાનું સેલ મીટરનું બીલ આપવામાં આવેલ જે બીલ સામાવાળા મારફતે કાયદેસરની તમામ કામગીરી કરી

તૈયાર કરવામાં આવેલ હોઈ સદર બીલ ખરું અને કાયદેસરનું હોઈ અરજદારની અરજી ટકવાપાત્ર ન હોવાની વિગતવાર રજુઆત સામાવાળા મારફતે કરવામાં આવેલ છે.

૩. બન્ને પક્ષકારોની રજુઆત જોતા અરજદારના કથન મુજબ તેમના અગાઉના ભાડુઆત શ્રી બિન્દાલ ટીમ્બર કંપનીના નામે સામાવાળા પીજીવીસીએલ કચેરીનું વીજ જોડાણ ગ્રાહક નં. ૬૧૮૦૭/૧૦૬૬૫/૯ નું ૬૫ કે.વી.નું ધરાવતા હતા અને સદર ભાડુઆતે અરજદારની ભાડા પેટે રાખેલ જગ્યા ખાલી કરતા ત્યારબાદ અરજદારે તા. ૧૭–૭–૨૦૧૯ ના શ્રી ભાર્ગવ ટ્રાન્સપોર્ટને ત્રણ વર્ષ માટે સદર જગ્યા ભાડા પેટે આપેલ અને સદર વિજ જોડાણનો તે રીતે ઉપયોગ થતો હતો પરંતુ સદર વિજ કનેકશનમાં નામ ફેર કરવાનું અરજદારની અજ્ઞાનતાના કારણે રહી જવા પામેલ હોવાની હકીકત બીનતકરારી છે.

૪. આ કામે અરજદાર તરફથી સદર બીલ પેટે ૫૦ % રકમ ભરપાઈ કરેલ હોવાની હકીકત પણ બીન તકરારી છે તેમજ આ કામે અરજદાર તરફથી તા.૧૮–૬–૨૦૨૧ ના રોજ સામાવાળા પીજીવીસીએલ કંપનીમાં સમાધાન પત્ર (પુરસીસ) રજુ કરવામાં આવેલ છે જે આ કામે સામાવાળા તરફે રજુ કરવામાં આવેલ છે જેમાં વાદગ્રસ્ત બીલ અન્વયેનું લેણું પીજીવીસીએલ કંપનીમાં ભરપાઈ કરી આપેલ અને સદર અરજી બાબતે અરજદારને હવે કોઈ વાંધો કે તકરાર નથી તે મુજબ પક્ષકારો વચ્ચે સમાધાન થયેલ હોવાની હકીકત સ્પષ્ટ થાય છે આથી આ કામે આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

## –: હુકમ :–

આથી આ કામે એવો હુકમ કરવામાં આવે છે કે, અરજદારને દાવગ્રસ્ત બીલ અન્વયે હવે કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ સદર અરજી તેઓ આગળ ચલાવવા માંગતા ન હોવાનું જાહેર કરેલ હોઈ અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

આ હુકમ આજ તા. /૮/૨૦૨૧ ના રોજ જાહેર કર્યો

(આર.જી.કુંપાવત)
સ્વતંત્ર મેમ્બર

(સી.વી.ઠાકર)
ચેરપર્સન

*ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ–કચ્છ.*

નોંધ:

(૧) અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન 30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિસામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમનાસંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. 3, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯